સરકારી કુમાર છાત્રાલયોના મકાન બાંધકામ બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃઅમશ/૧૦૧૫/૮૫૩૭૪૪/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૬/૦૯/૨૦૧૬

વંચાણે લીધાઃ-

(૧) સા. ન્યા અને અ વિભાગના તા.૧૦-૫-૨૦૧૬ના ઠરાવ ક્રમાંક અમશ/૧૦૧૫/૮૫૩૭૪૪/ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા: ૪/૧૨/૨૦૧૫નો પત્ર ક્રમાંક: અજાક- ગ.૧-૧-૨૦૧૫-૧૬-૮૫૪૭-૪૮.

સુધારા ઠરાવઃ-

અનુસૂચિત જાતિના લોકોમાં શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા માટે અનુસૂચિત જાતિ કલ્યાણની યોજનાઓ પૈકી અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓ માટે રહેવાની અને જમવાની સુવિધા આપવા માટે સરકારી કુમાર છાત્રાલયોની યોજના ચલાવવામાં આવે છે. આ યોજનામાં અનુસૂચિત જાતિના છાત્રાઓ માટે સારા મકાન અને પુરતા વિજળી પાણીની સગવડ મળી રહે તે માટેની યોજના અમલમાં છે. આ યોજના હેઠળ (૧) અને (૨) વલ્લભ વિદ્યાનગર સંકુલ-૧ અને ૨ જિ. આણંદ(૫) પી.જી છાત્રાલય, વલ્લભ વિદ્યાનગર એમ ત્રણ સરકારી છાત્રાલયના બાંધકામ માટેની અંદાજીત કિંમત અનુક્રમે રૂ. ૬૯૨.૦૦ લાખ, રૂ. ૬૫૫.૦૦ લાખ અને રૂ. ૬૪૫.૦૦ લાખને અને તે અન્વયે ત્રણેય છાત્રાલયો માટે છાત્રાલય દીઠ કરવામાં આવેલ રૂ. ૨૦૦.૦૦ લાખ લેખે કુલ રૂ. ૬૦૦.૦૦ લાખની નવી બાબતને વંચાણે લીધાં ક્રમ-૧ ના તા. ૧૦-૦૫-૨૦૧૬ ના ઠરાવથી વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. પ્રસ્તુત ઠરાવમાં નીચે મુજબનો સુધારો બહાર પાડવામાં આવે છે. જે વંચાણે લેવા આથી જણાવવામાં આવે છે.

જે પેટા સદર- (૦૩) દર્શાવેલ છે. તેના બદલે પેટા સદર- (૦૨) વંચાણે લેવાનું રહેશે.

તા. ૧૦-૦૫-૨૦૧૬ના ઠરાવની શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ. બી. ઠાકોર )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન આંણદ/કચ્છ/રાજકોટ

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
નાયબ નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણની ક્ચેરી, આંણદ /કચ્છ/રાજકોટ
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત) આંણદ/કચ્છ/રાજકોટ
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, આંણદ/કચ્છ/રાજકોટ
બજેટ શાખા, તથા કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી
સહ./ પસંદગી ફાઇલ.